
# ટિલાવા ટ્રૅજેડી ૧૯૪૨

સમુદ્રમાં સમાધિ લેનારા ટાઇટૅનિક વિશે દોથો ભરીને વાતો થઈ, પણ બીજા વિશ્વયુદ્ધ સમયે મુંબઈથી નીકળેલું સેંકડો ગુજરાતીઓથી ભરેલું એસ.એસ. ટિલાવા જહાજ જપાની હુમલામાં નેસ્તનાબૂદ થયું અને ૨૮૦ લોકો મોતને શરણ થયા એ ભાગ્યે જ કોઈકની નજરમાં આવ્યું છે. આ બનાવને ૮૦ વર્ષ થવા જઈ રહ્યાં છે ત્યારે જહાજમાં ગ્રસ્ત થયેલા લોકોના પરિવારજનો આ ઇતિહાસને ઉજાગર કરવા મુંબઈમાં આપવાના છે અનોખી સ્મરણાંજલિ



એસ.એસ. ટિલાવા જહાજ



ત્રણ વર્ષની ઉંમરે આ જહાજમાંથી માની સાડીમાં બંધાઈને બચેલા અરવિંદભાઈ જાની (ઉપર), તેમનાં મમ્મી વસંતગૌરી અને તેમનો પાસપોર્ટ.





**જિગીષા જૈન**

feedback@mid-day.com

**બીજા** વિશ્વયુદ્ધની ભારત પર અસર વિશેની વાત આવે તો એ યુદ્ધના પરિણામરૂપ મળી આઝાદી, ભારતની ઈકૉનૉમી પર પડેલી ગંભીર અસર, ભાંગેલા બ્રિટિશ એમ્પાયર જેવી અસરો ઇતિહાસમાં વ્યવસ્થિત રીતે કંડારાયેલી છે જેને લીધે એ પ્રચલિત પણ છે, પણ આ વિશાળ ઇતિહાસના કોઈ પાના પર એક ઘટના એવી દબાઈને રહી ગઈ છે કે એના વિશે જાણવું એક ભારતીય તરીકે અને ખાસ તો એક ગુજરાતી તરીકે આપણા માટે મહત્ત્વપૂર્ણ છે.

બીજું વિશ્વયુદ્ધ ચાલી રહ્યું હતું ત્યારે આફ્રિકાના જુદા-જુદા દેશોમાં અઢળક ગુજરાતીઓ કામની તલાશમાં જતા અને ત્યાં તેઓ વસેલા હતા. ૧૯૪૨માં જ્યારે વિશ્વયુદ્ધ ચાલી જ રહ્યું હતું ત્યારે ૨૦ નવેમ્બરે બ્રિટિશ ઇન્ડિયા સ્ટીમ નેવિગેશન કંપનીનું એસ. એસ. ટિલાવા નામનું જહાજ મુંબઈ બંદરેથી મોમ્બાસા, માપૂટો અને ડરબન જવા માટે ૭૩૨ પૅસેન્જર્સ, ૨૨૨ ક્રૂ-મેમ્બર્સ, ૬૪૭૨ ટન કાર્ગો (જેમાં ૬૦ ટન ચાંદીની ચકતીઓ હતી) ના રસાલા સાથે નીકળ્યું હતું. આ ૭૩૨ પૅસેન્જર્સમાંથી ચોક્કસ આંકડો તો કહી ન શકાય, પરંતુ મોટા ભાગના ગુજરાતીઓ હતા, જેમનો વેપાર આફ્રિકામાં હતો અથવા તો તેઓ કામની તલાશમાં આફ્રિકા જઈ રહ્યા હતા.

## અટૅક ક્યારે અને કેવો?

સામન્ય રીતે યુદ્ધમાં પૅસેન્જર જહાજોને કોઈ નુકસાન પહોંચાડવામાં આવે એવું ભાગ્યે જ બને, પરંતુ વિશ્વયુદ્ધ જેનું નામ. જ્યાં આખા વિશ્વમાં હિંસા ફાટી નીકળી હતી ત્યાં સૂકા જોડે લીલું પણ બળે એમ આ જહાજ પર જપાને હુમલો કર્યો. મુંબઈ છોડ્યાના ત્રણ દિવસ પછી ૨૩ નવેમ્બરે રાતે અરબ સાગરમાં મધદરિયે સેશેલ્સની નજીક જૅપનીઝ ઇમ્પિરિયલ આર્મીએ આ જહાજ પર પહેલો અટૅક કર્યો. બીજો અટૅક એના કલાક-દોઢ કલાક પછી કરવામાં આવ્યો. એવું માનવામાં આવે છે કે આ અટૅક રાતે બે વાગ્યા આસપાસ થયો હશે. જેના પછી જહાજ પૂરી રીતે ડૂબ્યું અને એના બે દિવસ સુધી લોકો પોતાનો જીવ બચાવવા મથતા રહ્યા. કુલ ૨૮૦ લોકોના જીવ ગયા. આ જીવ ગુમાવનારા લોકોમાં પણ વધુ પડતા ગુજરાતીઓ જ હોય એ સમજી શકાય છે. આ મોટામસ જહાજ પર ૯ લાઇફ-સેવિંગ બોટ્સ હતી. એમાં બેસીને જે ભાગી શક્યા એ લોકો જ બચ્યા હશે એવી ધારણા કરી શકાય, કારણ કે જે દરિયામાં જહાજ સાથે ડૂબ્યા તેમની બચવાની તો કલ્પના પણ મુશ્કેલ છે. જે લોકો બચી ગયા તેમને બચાવવા માટે રૉયલ નેવી ક્રૂઝર HMS બર્મિંગહૅમ અને એસ. એસ. કાર્થેજ નામનું જહાજ વહારે આવ્યું. કુલ ૬૮૨ લોકોને બચાવવામાં આવ્યા અને ૨૭ નવેમ્બર, ૧૯૪૨ના દિવસે તેમને મુંબઈના બેલાર્ડ પિયર નામના બંદરે છોડવામાં આવ્યા.



જીવ બચાવવા દિવસો સુધી આવી નવ લાઇફબોટમાં લોકોએ દરિયો ખૂંદ્યો હતો.

> મુંબઈ છોડયાના ત્રણ દિવસ પછી ૨૩ નવેમ્બરે રાતે અરબ સાગરમાં મધદરિયે સેશેલ્સની નજીક જૅપનીઝ ઇમ્પિરિયલ આર્મીએ આ જહાજ પર પહેલો અટૅક કર્યો. બીજો અટૅક એના કલાક-દોઢ કલાક પછી કરવામાં આવ્યો. એવું માનવામાં આવે છે કે આ અટૅક રાતે બે વાગ્યાની આસપાસ થયો હશે. એ પછી જહાજ પૂરી રીતે ડૂબ્યું અને એના બે દિવસ સુધી લોકો પોતાનો જીવ બચાવવા મથતા રહ્યા.



આ હાદસામાં જીવ ગુમાવનારા નિછલભાઈ સોલંકી.

## પીડા અપરંપાર

જે લોકો આ જહાજ પર હતા અને પોતાનો જીવ ગુમાવ્યો એમાંના એક હતા સ્વર્ગીય નિછાનભાઈ ચીબાભાઈ સોલંકી. તેમના પૌત્ર રેડિયોની દુનિયામાં કાશ કુમારના નામે જાણીતા મુકેશભાઈ રણછોડભાઈ સોલંકી યુકેના એક રેડિયો સ્ટેશન પર બ્રૉડકાસ્ટર હતા ત્યારે અનાયસે એમણે એસ. એસ. ટિલાવા જહાજના મૃતકોના નામનું લિસ્ટ ઇન્ટરનેટ થકી જોયું, જેમાં તેમના પોતાના દાદાનું નામ જોઈને તેઓ ભાવુક થઈ ગયા હતા. આ વિશે વાત કરતાં તેઓ કહે છે, 'મારા પિતા રણછોડભાઈ સોલંકીને ૯ વર્ષની ઉંમરે ગુજરાતમાં મૂકીને મારા દાદા આફ્રિકા જવા નીકળેલા. જો તે તેમને ન છોડી ગયા હોત તો અમારું કોઈ અસ્તિત્વ જ ન હોત એમ વિચારીને અત્યારે પણ રૂંવાડાં ઊભાં થઈ જાય છે. મેં એ દિવસે મારા દાદાનું નામ જ એમાં નહોતું વાંચ્યું, પણ એ જહાજના ફોટા પણ જોયા હતા. ૨૦૦૭ના એ દિવસ પહેલાં અમારા ઘરમાં આ ટ્રૅજેડીની કથા કોઈ કરતું જ નહીં. કોઈ એના વિશે વાત કરવા માગતું જ નહોતું જાણે. આ એક એવું દુખ હતું જેને અમે અવગણીને એનાથી બચવા માગતા હતા, પરંતુ ૨૦૦૭ના એ બનાવે જાણે કે વર્ષો જૂની પીડાને તાજી કરી અને એ દિવસે અમે વિચાર્યું કે અવગણવું એ કોઈ વાતનો ઉપાય નથી. મનમાં જે પ્રશ્નો છે એના જવાબ શોધીને આપણે આપણી અંદરની પીડાને પૂર્ણ રીતે શાંત કરવી જોઈએ. એટલે મેં આના પર કામ કરવાનું શરૂ કર્યું. એ લોકોને શોધવાનું શરૂ કર્યું જે મારા દાદા સાથે આ જહાજ પર હતા.'

## પ્રશ્નો અનેક છે

પોતાના મનની વાત ઠાલવતાં મુકેશભાઈ કહે છે, 'જહાજ તો ડૂબી ગયું, પરંતુ એ દિવસે શું થયું હતું, જપાનનો સૈનિકોએ એક પૅસેન્જર જહાજ પર શું સમજીને આક્રમણ કર્યું હશે, શું તેમને કોઈ ખતરાનાં એંધાણ હતાં કે કોઈ ગેરસમજ, એ જહાજ એક્ઝૅક્ટ કઈ જગ્યાએ ડૂબ્યું હશે, એ જહાજ પર હોય એવી કોઈ વ્યક્તિ આજે પણ જીવિત છે અને જો હોય તો એ ક્યાં છે, એ લોકો પર શું વીતી હશે અને કઈ રીતે તેમણે આ ભયાનક ઘટનાનો સામનો કર્યો હશે. HMS બર્મિંગહૅમ અને એસ. એસ. કાર્થેજ બન્ને જહાજો ક્યાં હતાં જ્યારે ટિલાવા પર અટૅક થઈ રહ્યો હતો એવા અઢળક પ્રશ્નો મને સતાવતા હતા અને આ પ્રશ્નોના જવાબ મેળવવા અનિવાર્ય બની ગયા હતા.'

## રિસર્ચની જરૂરિયાત

૨૦૧૩માં મુકેશભાઈના પિતા રણછોડભાઈ ગુજરી ગયા ત્યારે તેમની અંતિમ ઇચ્છા એ જ હતી કે તેમના પિતા જે જહાજમાં ડૂબ્યા એ જહાજ અને તેમના પિતાના અંતિમ દેહ વિશે તપાસ કરવી. તેમની અંતિમ ઇચ્છાને માન આપવા મુકેશભાઈ અને તેમનો પુત્ર એમિલ સોલંકી કામે લાગી ગયા. આ વિશે વાત કરતાં ટૉરોન્ટો, કૅનેડામાં રહેતા ૩૫ વર્ષના એમિલ સોલંકી કહે છે, 'મેં પહેલાં વેબસાઇટ બનાવી જેને લીધે દુનિયાભરમાં વસતા જુદા-જુદા લોકો સુધી અમે સરળતાથી પહોંચી શકીએ. કોના પરિવારના લોકો આ ટ્રૅજેડીમાં હતા અને તેમની સાથે શું થયું હતું એની કોઈ પણ જાણકારી જો અમને મળે તો એ અમારા માટે મોટી વાત હતી. હું 14

આશુતોષ દેસાઈ
feedbackgmd@mid-day.com




# યાદ આ રહી હૈ...

હવે તો હૅલોવીન એ ડરો, ડરાઓ, મૌજ મનાઓ જેવો તહેવાર થઈ ગયો છે, પણ હકીકતમાં આ પૂર્વજોને યાદ કરવાનો અને તેમના આત્માને તૃપ્તિ આપે એવાં કાર્યો કરવાનો અવસર હતો. આપણે ત્યાં કહેવાય છે કે શું લઈને આવ્યા છીએ અને શું લઈને જવાના છીએ, પણ પ્રિયજનોની યાદમાં લોકો મરનારની કેવી-કેવી યાદો પ્રિઝર્વ કરવા કેવાં-કેવાં ગતકડાંઓ કરે છે એની વાત કરીએ

**સામાન્ય** રીતે આ હૅલોવીન અમેરિકા, ઇંગ્લૅન્ડ અને યુરોપીય દેશોમાં વધુ ઊજવાય છે; પરંતુ વાસ્તવમાં એની શરૂઆત આયરલૅન્ડ અને સ્કૉટલૅન્ડમાં થઈ હતી. સામાન્ય રીતે આ તહેવાર ઑક્ટોબર મહિનાનો છેલ્લો દિવસ એટલે કે સેલ્ટિક કૅલેન્ડર અનુસાર વર્ષનો છેલ્લો દિવસ હોવાથી નવા વર્ષના આગમનની પૂર્વસંધ્યાએ મનાવવામાં આવે છે. એક માન્યતા એવી પણ છે કે આ દિવસની સાંજે સ્પિરિચ્યુઅલ વિશ્વ અને આપણા વિશ્વ વચ્ચેની દીવાલનું પડ ખૂબ નબળું પડી જતું હોય છે, જેને કારણે અતૃપ્ત અને ખરાબ આત્માઓ આપણા વિશ્વમાં પ્રવેશે છે. પારંપરિક દૃષ્ટિએ આ તહેવાર એ રીતે નહોતો ઊજવાતો જે રીતે આજે વિશ્વના લોકો ઊજવે છે. પહેલાં એવી માન્યતા હતી કે જો આ દિવસની સાંજે કોઈ અતૃપ્ત આત્મા આપણા વિશ્વમાં પ્રવેશી ગયો હશે અથવા આપણા પૂર્વજો પણ જો એ આત્માઓ સાથે આવ્યા હશે તો તેમને તૃપ્ત કરવાનો, તેમના આશીર્વાદ મેળવવાનો પ્રયત્ન કરવામાં આવતો; પરંતુ આજે હવે આધુનિક વિશ્વ આત્મા, આલોક, પરલોક જેવી બધી માન્યતાઓને ખાસ દાદ આપતું નથી એટલે આજે હવે એ આત્માઓનો નહીં પરંતુ આપણી ઉજવણીનો તહેવાર વધુ બની ગયો છે. આ દિવસે લોકો એક કોળા (કદ્દુ)ને અંદરથી ખોખલું કરી નાખી એના પર આંખ, નાક અને મોઢું બનાવી અંદર મીણબત્તી સળગાવીને ઘરની બહાર સજાવે છે. ત્યાર બાદ આ તહેવાર પૂરો થતાં એને જમીનમાં દફનાવી દેવામાં આવે છે. એની સાથે જ સામાજિક ઉજવણી તરીકે આ દિવસે બાળકો અને મોટેરાંઓ ડરામણાં કપડાં પહેરીને અને મેકઅપ કરીને તૈયાર થાય છે જેથી તે લોકો ભૂત વિશેની આપણી જે ડરામણી કલ્પનાઓ છે એવા દેખાઈ શકે.

હૅલોવીનના આ તહેવારને હૈલોઝ ઈવ, અલ સેઇન્ટ ઈવ, ઑલ હૅલો ઈવનિંગ અથવા ઑલ હૅલોવીન તરીકે પણ ઘણા દેશોમાં ઓળખાવાય છે. અમેરિકા, ઇંગ્લૅન્ડ અને યુરોપીય દેશો પૂરતો જ સીમિત નહીં રહેલો આ તહેવાર હવે તો આખા વિશ્વમાં ઊજવાય છે. આપણે કદાચ ડરામણાં કપડાં પહેરીને કે વિચિત્ર મેકઅપ કરીને તૈયાર તો નહીં થઈએ, પણ મૃતકની સ્મૃતિઓ સાચવવા બાબતે હવે કેવા-કેવા નવા-નવા ટ્રેન્ડ શરૂ થયા છે એ વિશે વાતો કરીને તો આવતી કાલનો હૅલોવીન ઊજવી જ શકીએ.

સામાન્ય રીતે ભારતમાં આપણા સ્વજનના મૃત્યુ બાદ તેનો ફોટો ઘરમાં રાખવાનો રિવાજ છે. સુખડનો હાર અને અગરબત્તી આ બે એવી સામગ્રી છે જે આપણા સ્વજનને મૃત્યુ બાદ આપણા તરફથી મળે છે. મરણોત્તર ક્રિયાઓ અને ત્યાર બાદ વાર્ષિક શ્રાદ્ધ સિવાય ખાસ હવે આપણને મૃતક સ્વજનોને યાદ કરવાની ફુરસદ હોતી નથી. એમાં આપણો વાંક પણ નથી! આજકાલ જિંદગી એટલી વ્યસ્ત થઈ ગઈ છે કે આપણને જીવતા માણસોની કાળજી લેવાની ફુરસદ નથી તો મૃતકની કાળજી તો શાના લઈએ! પૂર્વજો અમને એટલા બધા સારા ગણવાની ભૂલ નહીં કરતા હોં કે! જોકે આપણું મૃતક સ્વજન પણ એ વાત સમજે અને સ્વીકારે છે (છૂટકો છે?) કે બિચારો મારો દીકરો કે દીકરી બિઝી હશે! જોકે વિશ્વના બીજા કેટલાક દેશોમાં આ સોશ્યલ મીડિયાના યુગમાં હવે મૃતક સ્વજનોની સ્મૃતિને કાયમ સાચવી રાખવાના કેટલાક નવા ટ્રેન્ડ્સ શરૂ થયા છે. ક્યારેક કેટલાક ટ્રેન્ડ્સ વિશે જાણીને કદાચ આપણને એ 'ટેબુ' લાગે તો કોઈ એકાદ ટ્રેન્ડ વિશે જાણીને આપણે લાગણીશીલ થઈ જઈએ એવું પણ બને, પણ સ્વજનને પોતાની યાદોમાં જીવિત રાખવાની લાગણી માણસોને કેવા-કેવા નવા પ્રયોગો શીખવે છે એ જાણવું ખરેખર રસપ્રદ છે.



ક્રીમેશનની રાખમાંથી ડાયમન્ડ બનાવવાનું હવે જબરા ટ્રેન્ડમાં છે.

## મેમરી પિલો

બ્રાહ્મણો ઘણી વાર પૂજાવિધિ કરાવતી વખતે એવું કહેતા હોય છે કે મૃતકની કોઈ પ્રિય વસ્તુ તેમના ચાલી ગયા પછી ઘરમાં કે પોતાની પાસે રાખવી જોઈએ નહીં, કેમ કે એમ કરવાથી મૃતકના આત્માને આલોકની માયા છૂટતી નથી અને તેને પરલોક પ્રયાણમાં તકલીફ થતી હોય છે. જોકે વિશ્વના બીજા દેશો કદાચ આપણા કરતાં સાવ ઊલટું વિચારે છે. આજકાલ ઘણા લોકોમાં, એમાંય ખાસ કરીને યુરોપના દેશોમાં, એક ટ્રેન્ડ શરૂ થયો છે 'મેમરી પિલો'નો. પોતાના મૃત સ્વજનનું જે સૌથી પ્રિય વસ્ત્ર હોય અથવા મૃતકનાં જે કપડાં સાથે તે વ્યક્તિની સૌથી વધુ યાદો જોડાયેલી હોય એવા કપડામાંથી પોતાના બેડના પિલો (તકિયા)નું કવર બનાવડાવવામાં આવે. આ રીતે તે વ્યક્તિ તેના પ્રિય સ્વજનના ચાલી ગયા બાદ પણ તેને પોતાની યાદોમાં, પોતાની સ્મૃતિઓમાં જીવતી રાખવાનો પ્રયત્ન કરે છે. આ પ્રકારે મૃતક સ્વજનની સ્મૃતિને જીવતી રાખવા માગતા લોકોમાંનો જ એક જોનાથન (ગ્રીસ) કહે છે, 'રાત્રે જ્યારે તેમનાં (પપ્પાનાં) કપડાંમાંથી બનાવેલા કવર પર હું માથું મૂકું છું ત્યારે તે (મારા પપ્પા) મારી સાવ નજીક હોવાનો મને અહેસાસ થાય છે. તે સતત સાથે હોય અને મારા માથે વહાલથી હાથ ફેરવી રહ્યા હોય એવી લાગણી જન્માવતી તેમની આ સ્મૃતિ મને ખૂબ વહાલી છે. હું ક્યાંક ટ્રાવેલ પણ કરી રહ્યો હોઉં, મારો આ પિલો હંમેશાં હું મારી સાથે રાખું છું.'

> પ્રિયજનની અસ્થિની રાખમાંથી ડાયમન્ડ બનાવવાનું કામ પણ હવે ધીકતો ધંધો બની ગયું છે. અમેરિકા, કૅનેડા, યુકે અને યુરોપના ઘણા દેશોમાં આ સર્વિસ શરૂ થઈ છે. આ કંપનીઓ ક્રીમેશન ડાયમન્ડ બનાવે છે.

સ્વજનની સ્મૃતિઓને, તેમની યાદોને આ રીતે સાચવવા માગતા લોકોનું કહેવું છે કે 'તેમનાં વસ્ત્રોમાંથી આવતી તેમની સુવાસ અમને તેમની નજીક જકડી રાખે છે, તેમના સ્પર્શનો અહેસાસ થાય છે એવું લાગે છે. જાણે તે અમને છોડીને ક્યાંય ગયા જ નથી, અહીં જ છે.'

## ક્રીમેશન ડાયમન્ડમાં પરિવર્તિત કરવી

ક્રીમેશન ડાયમન્ડ તરીકે ઓળખાતી આ પદ્ધતિ આજકાલ સૌથી ઝડપથી ચલણમાં આવી રહેલો બીજા ક્રમાંકનો ટ્રેન્ડ છે. હિન્દુ માન્યતા અને સંસ્કૃતિમાં સ્મશાનથી અસ્થિઓ લાવવાનો અને અસ્થિવિસર્જન કરવાનો રિવાજ છે. ખબર છે? ઘણા લોકો તો એ માટે ખાસ વસિયત કરી ▸▸ 15

---

13 ▸▸ અને મારા પિતા આ રિસર્ચ પાછળ લાગી ગયા.'

## શોધમાં શું-શું મળ્યું?

એ દરમ્યાન ૨૦૧૭માં આર્ગેન્ટમ એક્સપ્લોરેશન લિમિટેડ, યુકે દ્વારા આ જહાજની શોધ થઈ. જહાજ મળ્યું અને એ કઈ જગ્યાએ ડૂબ્યું હતું એ પણ ખબર પડી. અરબ સમુદ્રના મધદરિયે ૯૩૦ માઈલ નૉર્થ-ઈસ્ટ દિશામાં સેશેલ્સ નજીકના દરિયામાં ૩૫૦૦ મીટર ઊંડા દરિયામાં આ જહાજ ડૂબ્યું, જ્યાં કોઈ પણ માણસ પાણીના પ્રેશરને ખમી શકે જ નહીં. એટલે જે લોકો ડૂબ્યા એ તો બચી શકે એમ જ નહોતા એટલે દુખદ વાત એ છે કે જળચર પ્રાણીઓ તેમને ખાઈ ગયા હશે. ૬ મહિનાની શોધખોળ દરમ્યાન જહાજમાં જે સામાન હતો એમાં જે ચાંદીની ચકતીઓ હતી એવી ૩૨ મિલ્યન પાઉન્ડ જેટલી કિંમતની ૨૩૬૪ ચકતીઓ પણ તેમને સમુદ્રમાંથી મળી હતી.





પરદાદા નિછલભાઈને ગુમાવનારા એમિલ સોલંકીએ આ ઈતિહાસમાં ધરબાયેલી ઘટનામાં જીવ ગુમાવનારાઓને સ્મરણાંજલિ આપવા બીડું ઝડપ્યું છે. એમિલ દાદા રણછોડભાઈ અને પિતા મુકેશભાઈ સાથે.

## જાણીતી એક જ હયાત વ્યક્તિ

આ જહાજમાં હોય એવી હયાત કે જીવિત વ્યક્તિની શોધખોળમાં મુકેશભાઈ સોલંકીને મળ્યા સાઉથ લંડનમાં રહેતા ૮૩ વર્ષના અરવિંદભાઈ જાની. મૂળ જામનગરના જોડિયા ગામના અરવિંદભાઈ ૩ વર્ષની નાની ઉંમરે પોતાની માતા સાથે એસ. એસ. ટિલાવામાં મુસાફરી કરી રહ્યા હતા. એટલી નાની ઉંમરે તેમની સાથે જે પણ થયું એ તેમને પોતાને યાદ નથી, પરંતુ તેમને તેમની માતા વસંતગૌરીએ કહેલા કિસ્સાઓ બરાબર યાદ છે, જે વિશે વાત કરતા અરવિંદભાઈ કહે છે, 'મારી મમ્મી એ ભયાવહ રાતને ક્યારેય ભૂલી શકી નહોતી. મને બચાવવા માટે તેણે પોતાની સાડી સાથે બાંધી દીધો અને દોરડાની મદદથી છેલ્લી લાઈફ બોટ પકડવા એ જહાજ પરથી તે કૂદી ગઈ હતી. ▸▸ 15

### મુંબઈમાં ઊજવાશે સ્મરણાંજલિ

એસ. એસ. ટિલાવા જહાજ વર્લ્ડ વૉર-૨ દરમ્યાન અરબ સાગરમાં મધદરિયે ડૂબી ગયું એને ૨૩ નવેમ્બર, ૨૦૨૨એ ૮૦ વર્ષ પૂરાં થઈ રહ્યા છે. મેરીટાઈમ મુંબઈ મ્યુઝિયમ સોસાયટીની મદદથી એમિલ અને તેના પિતા મુકેશભાઈ ૮૦ વર્ષમાં પહેલી વાર આ જ દિવસે બૅલાર્ડ એસ્ટેટની ગ્રૅન્ડ હોટેલમાં એની સ્મરણાંજલિનો કાર્યક્રમ આયોજિત કરી રહ્યા છે. મુંબઈમાં આ સ્મરણાંજલિનું આયોજન કેમ એ પ્રશ્નનો જવાબ આપતાં એમિલ કહે છે, 'આ એક ઈન્ડિયન-બ્રિટિશ સ્ટોરી છે, વિશ્વયુદ્ધની સ્ટોરી છે પણ એની શરૂઆત મુંબઈથી થઈ અને લોકો બચીને પાછા આવ્યા એ પણ મુંબઈ જ હતું એટલે મુંબઈથી શ્રેષ્ઠ જગ્યા બીજી કઈ હોઈ શકે એની સ્મરણાંજલિ ઊજવવા માટે?'

14 ▸▸ જતા હોય છે કે મારાં અસ્થિનું વિસર્જન ગંગામાં જ કરવામાં આવે એવી મારી ઇચ્છા છે. આ ટ્રેન્ડ કંઈક આ જ રિવાજનું મૉડિફાઇડ વર્ઝન છે, પરંતુ અહીં અસ્થિઓનું વિસર્જન કરવામાં નથી આવતું. એ મૃતક સ્વજનની યાદ તરીકે સાચવી રાખવા માટે તેમની રાખ અથવા માટીને કોઈ આર્ટિફિશ્યલ ડાયમન્ડમાં હાઈ પ્રેશર પ્રોસેસ દ્વારા જડાવવામાં આવે છે. ત્યાર બાદ એની વીંટી કે પેન્ડન્ટ બનાવીને પહેરવામાં આવે છે. સમજી લોને કે કોઈ છોકરીએ ટ્રાન્સપરન્ટ ડાયમન્ડ પહેર્યો હોય, જેમાં વચ્ચે કંઈક માટી, રાખ કે એક હાડકાનો ટુકડો જેવું દેખાય તો સમજી લેવું કે આ ક્રીમેશન ડાયમન્ડ છે.

પ્રિયજનની અસ્થિની રાખમાંથી ડાયમન્ડ બનાવવાનું કામ પણ હવે ધીકતો ધંધો બની ગયું છે. અમેરિકા, કૅનેડા, યુકે અને યુરોપના ઘણા દેશોમાં આ સર્વિસ શરૂ થઈ છે. આ કંપનીઓ ક્રીમેશન ડાયમન્ડ બનાવે છે. પોતાના સ્વજનના અવશેષોમાંથી તો લોકો આવાં ડાયમન્ડ બનાવે જ છે, પણ આ કંપનીઓ એમ કોઈનાય પણ અસ્થિમાંથી કાર્બનનો ઉપયોગ કરીને ડાયમન્ડનું સર્જન કરે છે અને એવાં ડાયમન્ડ્સ પણ વેચે છે.

## મૉડિફાઇડ ટ્રેન્ડ

અચ્છા, આ ટ્રેન્ડમાં કેટલાક લાગણીશીલ લોકો તો હજીયે આગળ વધ્યા છે. તેમણે એક નવો જ ટ્રેન્ડ શરૂ કર્યો છે. મૃતક સ્વજનની યાદોને ક્રીમેશન ડાયમન્ડ તરીકે જડિત તો કરવી છે, પરંતુ કઈ રીતે? મને ગળાની ચેઈન કે પેન્ડન્ટ કે વીંટી કે બ્રોચ ગમે છે એટલા માટે નહીં; પરંતુ મૃતકને શું ગમતું હતું, શું પ્રિય હતું એ અહીં મહત્ત્વનું છે! મારી પત્નીને વીંટી ખૂબ પસંદ હતી તો હું તેનો ક્રીમેશન ડાયમન્ડ વીંટી તરીકે પહેરીશ. મારા પપ્પાને મારી મૉમ ઝાંઝર પહેરે એ બહુ ગમતું! તો હું તેમનો ક્રીમેશન ડાયમન્ડ વીંટી કે ઝાંઝરમાં ફિટ કરાવીને પહેરીશ.

એટલું જ નહીં, પ્રિયજનની વિદાય બાદ હવે તો તેમની જ ફેવરિટ વીંટી કે પેન્ડન્ટ (જે તેઓ પહેરતા હતા)માં જ એ ક્રીમેશન ડાયમન્ડ જડાવીને પહેરવાનો નવો ટ્રેન્ડ શરૂ થયો છે. સ્કૉટલૅન્ડના પોતાના પિતાના ફાર્મમાં રહેતી ડેઇઝી કહે છે, 'મારા પિતા તેમના લેફ્ટ લેગમાં કાળા દોરાની સાથે સિલ્વરમેડ કૉઇન જડ્યા હોય એવી જાડી દોરી પહેરતા હતા. તેમના ચાલી ગયા બાદ ન માત્ર હું અહીં આ ખેતરમાં રહેવા આવી ગઈ છું, બલ્કે મેં તેમની મિટ્ટીનો થોડો ભાગ મારી આ લેગ લાઇન (ઝાંઝર જેવી દોરી)ના સિલ્વર બૉલ્સમાં ફિટ કરાવી છે.'

## હેર-ઇમ્પ્લાન્ટ કે ડીએનએ?

ભારતમાં હિન્દુ સંસ્કૃતિ અનુસાર સ્વજનના મૃત્યુ બાદ તેના વારસદારોથી લઈને ભાઈઓ સુધીના તમામના કેશદાનનો રિવાજ છે. એને આમ તો જોકે કેશદાન કરતાં કેશત્યાગ કહેવું વધુ યોગ્ય છે. હવે વર્તમાન સમયમાં કદાચ બધા નહીં તો પણ કમસે કમ તેની ઉત્તરક્રિયા કરનાર વ્યક્તિ કેશત્યાગ કરે છે. હિન્દુ સંસ્કૃતિ અનુસાર આ રિવાજ પાછળનું કારણ કદાચ એ છે કે (લખનારની સમજ અનુસાર) વાળ એ ડીએનએની સૌથી પ્રાથમિક એવી ચીજ છે જેના દ્વારા ધીમે-ધીમે આખા શરીરનું સર્જન થાય છે. બીજું, વાળ શરીરનો એક એવો અંશ છે જે મૃત્યુ પછી પણ થોડા સમય સુધી જીવતા અને વધતા રહે છે.







મરનારના અવશેષમાંથી મેમરી પિલો.



મરનારની ત્વચા પરના ટૅટૂને અલગ કરીને એની ફ્રેમ સાચવનારાઓ પણ છે. તેમના વાળને કૉમ્પ્રેસ કરીને એમાંથી જાતજાતની જ્વેલરીઓ બનાવાય છે.



આથી વાળનો ત્યાગ એટલા માટે કરવો જેથી વિધિ દરમિયાન એક પણ વાળ ક્યાંય ખરે નહીં અને મૃતકના આત્માને ફરી શરીર ધારણ કરવાનો કોઈ વિકલ્પ ઉપલબ્ધ થાય અને આ જગત છોડીને પરલોક જવામાં તેને તકલીફ થાય.

જોકે આ એક એવો ટ્રેન્ડ છે જે આ માન્યતા અને રિવાજનો સંપૂર્ણ રીતે છેદ ઉડાડી દે છે. યુરોપ અને અમેરિકાના કેટલાક વિસ્તારોમાં હવે એક સાવ નવો જ ટ્રેન્ડ શરૂ થયો છે. પોતાના પ્રિયજનના વાળને પોતાના શરીરમાં ઇમ્પ્લાન્ટ કરાવવામાં આવે છે. કોઈ માઇક્રો ચિપ કે ટ્રૅકર કે એવી ચીજો ઇમ્પ્લાન્ટ કરાવતા હોઈએ એ રીતે. કોઈ કાંડામાં અથવા કોઈ ગળાના ભાગમાં કરાવતું હોય છે તો કોઈક વળી પગની કોણીની ઉપર પણ આ રીતે મૃતક સ્વજનના વાળનું ઇમ્પ્લાન્ટ કરાવે છે અથવા તેના વાળને જડાવીને પેન્ડન્ટ કે વીંટી કે બ્રેસલેટ બનાવડાવે છે. આ નવા રિવાજ અનુસાર પોતાના પ્રિય સ્વજનના મૃત્યુ બાદ તેના કેટલાક વાળ કે એક-બે વાળ પ્રિયજન કઢાવી લે છે. ત્યાર બાદ તેના ક્રીમેશન પછી એ વાળને કોઈ ટૅટૂ-આર્ટિસ્ટ પાસે જઈ પોતાના શરીરના કોઈ ભાગમાં ઇમ્પ્લાન્ટ કે ઇન્સર્ટ કરાવે છે. જેમ કે કાંડાના ભાગ પર ઇન્સર્ટેશન હમણાં ખૂબ ટ્રેન્ડમાં છે. કોઈ છોકરી પોતાની બ્રેસ્ટમાં તો કોઈ પુરુષ તેના કાંડામાં કરાવે છે. હમણાં જ આપણે જ્યારે દિવાળી ઊજવી રહ્યા હતા ત્યારે સ્કૉટલૅન્ડમાં રહેતી એલ્વિસ નામના એક વ્યક્તિએ તેની પત્નીના વાળની એક કૅપ્સ્યુલ બનાવડાવીને પોતાના ગળાનાં હાડકાંની પાસે એ ફિટ કરાવી હતી.

પોતાના સ્વજનને સતત પોતાની સમીપ રાખવાના ઓરતા જો પ્રિયજનને છે તો એના અનેક વિકલ્પો ઉપલબ્ધ કરાવવાના ઓરતા કલાકારોને પણ છે જ. આજે યુરોપ અને અમેરિકામાં હેર લૉકેટથી લઈને હેર ડાયમન્ડ, હેર નેકલેસ, રિંગ વિથ હેર, સ્મૉલ રિંગ ઑફ હેર, હેર લૉકેટ બ્રેસલેટ જેવા અનેક વિકલ્પ ઉપલબ્ધ છે. પ્રિયજન પોતાના સ્વજનનો બસ માત્ર વાળ લઈને તેમની પાસે જાય અને તેની પાસે એકથી એક વિશેષ વિકલ્પ ઉપલબ્ધ હોય.

જોકે આ બધા કરતાંય હમણાં સૌથી વધુ ચલણમાં હોય તો તે હેર ઇમ્પ્લાન્ટેશન છે. મૃતક સ્વજનનો વાળ પોતાના શરીરના કોઈક ભાગમાં ઇન્સર્ટ કરાવવાનો ટ્રેન્ડ હમણાં ખૂબ ચલણમાં છે. અમેરિકન્સ કહે છે કે આ રીતે તે મૃતકને પોતાની સાથે જીવિત રાખે છે તો યુરોપિયન્સ કહે છે કે દફનવિધિ શરીરની થાય છે, લાગણીઓની નહીં અને આ રીતે અમે અમારી તેમની સાથે જોડાયેલી લાગણીઓને જીવિત રાખીએ છીએ જે અમર છે!

## ટૅટૂ-ફ્રેમિંગ

હાલ સૌથી લેટેસ્ટ અને સૌથી વધુ ટ્રેન્ડમાં જે ચાલી રહ્યું છે એ છે ટૅટૂ-ફ્રેમિંગ. વિદેશોમાં તો હવે કેટલાય ટૅટૂ-લવર્સ આ માટે ખાસ વસિયત કે દસ્તાવેજ બનાવડાવે છે. એટલું જ નહીં, ઘણા ઉત્સાહીઓ તો વળી રીસ્ટોરેશન સેન્ટરમાં જાતે જ જઈને પોતાના નામની નોંધણી પણ કરાવી આવે છે, જેથી તેના મૃત્યુ બાદ સ્વજને માત્ર તે રીસ્ટોરેશન સેન્ટરમાં જાણ કરવાની અને તે રીસ્ટોરેટર્સ આવીને બાકીનું કામ પૂરું કરી જાય.

હોય છે શું? તો વાત કંઈક એવી છે કે મરનાર વ્યક્તિએ પોતાના હાથ, પગ, છાતી, ગાલ, બોચી કે શરીરના ગમે તે ભાગે જે ટૅટૂ બનાવડાવ્યું હોય એ ટૅટૂ જેટલી ચામડી તેના મૃત્યુ બાદ શરીર પરથી કાઢી લેવામાં આવે અને એને જરૂરી પ્રિઝર્વેટિવ પ્રોસેસ કર્યા બાદ તેની ચામડીના તે ટુકડાને ફ્રેમિંગ કરીને વર્ષોવર્ષ સુધી સાચવી શકાય એવી ફ્રેમ બનાવી દેવામાં આવે છે.

આ ટ્રેન્ડનો એક બેનમૂન નમૂનો ક્રિસ વેનઝેલનો મળે છે. ક્રિસને તમે 'ટૅટૂ માટે પાગલ વ્યક્તિ' તરીકેની ઉપમા આપી શકો. આખા વિશ્વમાં અત્યાર સુધીમાં સૌથી મોટી સાઇઝનું ટૅટૂ પ્રિઝર્વેશન ક્રિસ વેનઝેલનું થયું છે. ક્રિસ નાનો હતો ત્યારે જ તેના બંને હાથ (હાથની આંગળીઓ સહિત) ટૅટૂથી ભરાઈ ગયા હતા. ત્યાર બાદ બાકીની જિંદગી દરમિયાન તો તેણે અનેક લોકોને ટૅટૂ બનાવી પણ આપ્યાં અને પોતાના શરીર પર પણ અનેક ટૅટૂ બનાવડાવ્યાં. ક્રિસ ખૂબ જાણીતો અને રિસ્પેક્ટેડ ટૅટૂ-આર્ટિસ્ટ હતો. સાસ્કાટૂન, કૅનેડામાં તેનો 'ઇલેક્ટ્રિક અન્ડરગ્રાઉન્ડ ટૅટૂ ઇન્ક' સ્ટુડિયો હતો. પોતાના મૃત્યુ પહેલાં ક્રિસ તેની પત્ની કેરલને કહેતો કે સેવ માય ઇન્ક ફૉરેવર. માય ઇન્ક, માય ટૅટૂસ શુડ બી પ્રિઝર્વ્ડ. ક્રિસના મૃત્યુ બાદ કેરલે મિશેલ અને કાયલ શેરવુડની કંપનીનો કૉન્ટેક્ટ કર્યો અને તેમણે ક્રિસના ફ્યુનરલ પહેલાં તેના શરીર પરથી ટૅટૂ ચિત્રિત આખી ચામડી ઉતારી લઈને એને પ્રિઝર્વ કરી. ક્રિસનું ફ્યુનરલ પૂરું થયું અને પ્રિઝર્વેશનની પ્રક્રિયા બાદ મિશેલ અને શેરવુડે ક્રિસની પત્ની કેરલને ક્રિસના ટૅટૂની આખી એક મોટી ફ્રેમ બનાવી આપી હતી.

**મરનાર વ્યક્તિએ પોતાના હાથ, પગ, છાતી, ગાલ, બોચી કે શરીરના ગમે તે ભાગે જે ટૅટૂ બનાવડાવ્યું હોય એ ટૅટૂ જેટલી ચામડી તેના મૃત્યુ બાદ શરીર પરથી કાઢી લેવામાં આવે અને એને જરૂરી પ્રિઝર્વેટિવ પ્રોસેસ કર્યા બાદ તેની ચામડીના એ ટુકડાને ફ્રેમિંગ કરીને વર્ષોવર્ષ સુધી સાચવી શકાય એવી ફ્રેમ બનાવી દેવામાં આવે છે.**

ટૅટૂ ફૉરેવર કહો કે લવ મેમોરિયલ કહો કે ટૅટૂ પ્રિઝર્વેશન કે રીસ્ટોરેશન કહો. જે કહો એ, પણ આજે આખા વિશ્વમાં સૌથી મોટા ટૅટૂ પ્રિઝર્વેશન તરીકે ક્રિસના શરીરની ચામડીઓની ફ્રેમ તેની પત્ની કેરલ દ્વારા પ્રિઝર્વ કરીને સાચવવામાં આવી છે. ક્રિસની છેલ્લી ઇચ્છા તરીકે કેરલ રોજ આ ફ્રેમ જોઈને પોતાના પતિને યાદોમાં જીવંત રાખી રહી છે.

પ્રિયજન સાથેની લાગણી એ કદાચ કંઈક એવી ચીજ છે જેની સામે મૃત્યુ પણ જીતી શકાતું નથી અથવા અસ્તિત્વના સ્વીકારની જીદ કદાચ હવે એટલી બળવત્તર થતી જાય છે કે પ્રિયજનના ચિરવિદાયે ચાલી જવા છતાં તેનો પ્રિયજન તેને છોડવા કે સાવ ભૂલી જવા તૈયાર નથી. કારણ ગમે તે હોય, પરંતુ ટેબુ સમ લાગતા નવા ટ્રેન્ડ આજે ખૂબ ઝડપથી વધી રહ્યા છે અને લોકોમાં જાણીતા અને ફૉલો થતા પણ થઈ રહ્યા છે એ વાત સાવ સાચી છે.

---

14 ▸▸ એ લાઈફ-બોટમાં પણ અમારે ૧૨-૧૮ કલાક એમનેમ રહેવું પડેલું. એ પૂનમની રાત હતી અને કાળા સમુદ્ર પર લાશોના ઢેર તરતા હતા. બોટમાં પડેલા ટિનના ડબ્બાઓમાં ભરેલાં બિસ્કિટ પર તેમણે કામ ચલાવેલું.'

## દરેક ગુજરાતી જાણે

ટિલાવા વિશે વાત કરતાં એમિલ સોલંકી કહે છે, 'અમારા કુટુંબીજનો નવસારીના હતા. આફ્રિકા, ગુજરાત, લંડન અને હવે અમારો પરિવાર કૅનેડા સુધી પહોંચ્યો છે. અમારા માટે પરિવારના સદસ્યનો ઇતિહાસ જાણવો જેટલો જરૂરી છે એટલો જ દુનિયા માટે ટિલાવા ટ્રૅજેડી વિશે જાણવું જરૂરી છે. હજુ સુધી અમે જેટલું જાણી શક્યા છીએ એ ઘણું ઓછું છે. ગુજરાતના આટલા લોકો કામની તલાશમાં નીકળ્યા અને મોતને વહોરી લીધું એ કોઈ સામાન્ય ઘટના તો નથી. આ ઇતિહાસ ગુજરાતની દરેક વ્યક્તિ સુધી પહોંચવો જોઈએ એવું મને લાગે છે. ભવિષ્યમાં આ ઘટના પર ડૉક્યુમેન્ટરી બને, ફીચર ફિલ્મ બને કે એ જન-જન સુધી પહોંચે એવો અમારો પ્રયાસ રહેશે. આ ઘટનામાંથી દેવજીભાઈ ભગાભાઈ સોલંકી, મોરાર જીવન, ચુનીલાલ નવસારિયા જેવા ઘણા ગુજરાતીઓ આ દુર્ઘટનામાંથી જીવિત પાછા ફર્યા હતા, જે હવે હયાત નથી. પરંતુ તેઓ હતા ત્યારે તેમની પાસેથી અને તેમના આપ્તજનો પાસેથી ટિલાવા બાબતે જે પણ માહિતી મળી એ ભેગી કરવામાં આવી છે અને વધુ ને વધુ સર્વાઇવરોને શોધવામાં આવી રહ્યા છે જેમની પાસેથી કોઈ માહિતી મળી શકે.'

### સુભાષચંદ્ર બોઝ સાથેનું જોડાણ

જૅપનીઝ સબમરીન આઈ-૨૯ દ્વારા એસ. એસ. ટિલાવા પર ઉપરાઉપરી બે વાર હુમલો થયો અને જહાજ ડૂબી ગયું. એની સાથે ૨૮૦ જણા પણ મૃત્યુ પામ્યા. આ અટૅક ૨૩ નવેમ્બર ૧૯૪૨એ થયો હતો. એ જ સબમરીન દ્વારા ૨૮ એપ્રિલ ૧૯૪૩માં એટલે કે ટિલાવા ટ્રૅજેડીના ૫ મહિના પછી સુભાષચંદ્ર બોઝને રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા. બોઝની એ સમયે હિટલર સાથે મિત્રતા હોવાની ચર્ચા હતી અને એ સંદર્ભે જ કદાચ ધ જર્મન સબમરીનમાં તેઓ એક મીટિંગ અર્થે ગયા હતા, જ્યાંથી આઈ-૨૯માં તેમને જપાન લઈ જવામાં આવ્યા હતા. આ વિશે વાત કરતાં એમિલ સોલંકી કહે છે, 'ઇતિહાસનું એક પાનું ઊથલાવીએ તો એમાંથી બીજા ઘણા સંદર્ભો અને બનાવો સ્પષ્ટ થતા હોય છે. જો ટિલાવા ટ્રૅજેડી વિશે વધુ રિસર્ચ થાય તો શક્યતા છે કે ઇતિહાસની ઘણી ભેદી ઘટનાઓ વિશે માહિતી મળી શકે.'

